(૨)

પશુપાલન ખાતા હસ્તકની દસ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાના સ્થાપવાની યોજનાથી અપાતી સેવાનું અમલીકરણ GVK-EMRI મારફતે કરવા બાબત.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ક્રમાંક............
- 6 MAR 2020
શાખા 1160

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક :વીએચડી/૧૨/૨૦૧૮/૨૧૦/પીૃ૧

સચિવાલય,ગાંધીનગર

તા. ૦૫/૦૩/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧)કૃષિ અને સહકાર વિભાગ(પશુપાલન)ના ઠરાવ ક્રઃવીએચડી/૧૨/૨૦૧૪/૩૬૯૦/પી૧,તા.૦૨/૦૯/૨૦૧૫

(૨)કૃષિ અને સહકાર વિભાગ(પશુપાલન)ના ઠરાવ ક્રઃવીએચડી/૧૨/૨૦૧૫/૩૨૧૧/પી૧,તા.૦૭/૦૫/૨૦૧૬

(૩)કૃષિ અને સહકાર વિભાગ(પશુપાલન)ના ઠરાવ ક્રઃવીએચડી/૧૨/૨૦૧૭/૩૮૯૬/પી૧,તા.૧૮/૦૪/૨૦૧૭

(૪)કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રઃવીએચડી/૧૨/૨૦૧૮/૨૧૦/પી૧,તા.૨૬/૧૨/૨૦૧૮

(૫)કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રઃવીએચડી/૧૨૨૦૧૮/૧૬૮૮/પી૧,તા.૨૮/૦૩/૨૦૧૯

(૬)પશુપાલન નિયામકશ્રીના પત્ર ક્રઃવી/વીએચડી-૨/૨૦૧૬-૧૭/ફા.નં.૨૬/૩૮૬/૨૦૧૮,તા.૧૩/૦૯/૨૦૧૯

આમુખઃ-

ગુજરાત રાજ્ય પશુપાલન ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. રાજયમાં વર્ષ-૨૦૧૮-૧૯ અંતિત ૬૭૫ પશુદવાખાના દ્વારા પશુ ચિકિત્સા અને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલી છે. ડો.સ્વામીનાથનના અધ્યક્ષસ્થાને રચાયેલ નેશનલ એગ્રીકલ્ચરલ કમીશનના ધોરણો મુજબ પશુધનની સંખ્યા ધ્યાને લઇ પશુ ચિકિત્સા અને પશુ આરોગ્યના સંદર્ભમાં પશુઓની સંખ્યાને ધ્યાને લઇ મહત્તમ પશુઓને આરોગ્ય/ચિકિત્સા હેઠળ આવરી લેવાનો રાજય સરકારનો અભિગમ રહેવા પામેલ છે. તે સંજોગોમાં રાજયના ૩૩ જિલ્લાઓના ૨૫૦ તાલુકાઓના તમામ અંદાજે ૧૮,૨૫૫ ગામોને આવરી લેવાનો સરકારનો અભિગમ છે. જે બાબતને ધ્યાને લઇને વંચાણે લીધા-(૧) પરના આ વિભાગના ઠરાવથી વર્ષઃ૨૦૧૫-૧૬માં રાજયના પશુપાલકોના બૃહદ હિતમાં દસ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનું સ્થાપવાની નવીન યોજના શરૂ કરવામાં આવેલ. જેમાં પ્રથમ વર્ષે ૧૧૫ નવીન મોબાઇલ પશુ દવાખાના શરૂ કરેલ. ત્યારબાદ યોજનાનો વ્યાપ વધારીને વંચાણે લીધા-(૨) થી (૪)ના આ વિભાગના ઠરાવોથી દર વર્ષે ૧૧૫ એમ અત્યાર સુધી કુલ ૪૬૦ દસ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનાને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા-(૫)પરના આ વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૯ના ઠરાવથી દસ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાનું સ્થાપવાની ચાલુ યોજનાને વર્ષ-૨૦૧૯-૨૦માં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. ત્યારબાદ યોજનાના વ્યાપ તથા પશુપાલકોને વધારે સારી રીતે પશુ સારવારની સેવાઓ મળી રહે તે બાબતને ધ્યાને લઇને વંચાણે લીધા-(૬) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીએ સદર દસ ગામ દીઠ એક મોબાઇલ પશુદવાખાનું સ્થાપવાની યોજનાનું મોડીફીકેશન કરીને જીલ્લા